# સામાજિક વિજ્ઞાન

**ધોરણ 6 ( Semester 1 )**

**Chapter 6 : સ્થાયી જીવનની શરૂઆત**

**પ્રશ્ન 1 : નીચે આપેલા પ્રશ્નના જવાબ માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધો : [ 5 Mark ]**

1 આદિમાનવ રહેઠાણના સ્થળ તરીકે મોટે ભાગે શું પસંદ કરતો ?

[A] ગુફા [B] પર્વતની તળેટી

[C] વાડો [D] ખેતર

2 આદિમાનવને ભટકતા રહેવાનું એકમાત્ર કારણ કયું હતું ?

[A] ગરમી – ઠંડી [B] ખોરાકની જરૂરિયાત

[C] વરસાદ [D] પ્રાણીઓની અછત

3 ખોદકામ કરતાં પુરાતત્વવિદોને મળેલા અવશેષોમાં કઈ વસ્તુ નહોતી ?

[A] અનાજના દાણા [B] પશુઓનાં હાડકાં

[C] રમકડાં [D] ખેતીનાં ઓજારો

4 સંભવત: સૌથી પહેલાં ઘઉં અને જવ ઉગાડવાનું કયા પુરાતન સ્થળે શરૂ થયેલું મનાય છે ?

[A] મેહરગઢમાં [B] હુલ્લરમાં

[C] મહાગઢમાં [D] ચિરાદમાં

5 પુરાતત્વવિદોને કયા પુરાતન સ્થળેથી ઘેટાં-બકરાં અને ગાયોનાં હાડકાં વધુ પ્રમાણમાં મળ્યાં છે ?

[A] મહાગઢમાંથી [B] બુર્જહોમમાંથી

[C] હુલ્લરમાંથી [D] મેહરગઢમાંથી

**પ્રશ્ન 2 : બંધબેસતાં જોડકાં રચો : [ 4 Mark ]**

| વિભાગ 'અ' | વિભાગ 'બ' |
|---|---|
| ( 1 ) એક જ સ્થળ પર વસવાટ | ( A ) સ્થાયી વસવાટની શરૂઆત |
| ( 2 ) અનાજની સાચવણી | ( B ) પશુપાલન શરૂઆત |
| ( 3 ) ઝુંપડાં અને ઘરનાં નિશાન | ( C ) નૂતનપાષાણ યુગનાં પુરાતન સ્થળો |
| ( 4 ) માટીનાં વાસણો મળી આવવાં | ( D ) સંગ્રહ કરવાની જરૂરિયાત |
| | ( E ) ઘર બાંધવાની જરૂરિયાત |

**પ્રશ્ન 3 : યોગ્ય શબ્દો કે અંકો વડે નીચેનાં વિધાનોની ખાલી જગ્યાઓ પૂરો :** **[ 6 Mark ]**

1 ...................................... પ્રમાણે આદિમાનવનાં સ્થળો બદલાતાં રહેતાં.
2 આદિમાનવો .............................. થી બચવા અને રક્ષણ મેળવવા ગુફામાં રહેતાં.
3 મેહરગઢના દરેક ઘરમાં .................................... કે તેથી વધુ ઓરડા હતા.
4 મેહરગઢની એક કબરમાંથી મૃતકની સાથે ............................ ના અવશેષો પણ મળ્યાં છે.
5 પુરાતત્વવિદોને ઝુંપડાની અંદર અને બહાર બંને જગ્યાએ ..................... નાં નિશાન મળ્યાં છે.
6 સ્થાયી વસવાટ દરમિયાન માનવે સૌ પ્રથમ ............................ પાળ્યો હતો.

**પ્રશ્ન 4 : નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :** **[ 5 Mark ]**

1 એકમાત્ર રહેઠાણની જરૂરિયાત માટે આદિમાનવ ભટકતું જીવન જીવતો.
2 આદિમાનવો પાકની લણણી માટે લોખંડના ધારદાર દાતરડાં વાપરતા.
3 મેહરગઢના લોકો પ્રાણીઓ પાળતા હતા.
4 આદિમાનવો કેટલાંક ઓજારો પ્રાણીઓનાં હાડકાંમાંથી પણ બનાવતા.
5 આજનો આપણો ખોરાક આદિમાનવના વસવાટની પ્રક્રિયાને આભારી છે.